# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
E-mail Id : col-trans-rsa@gujarat.gov.in, Phone : 079 23258148


No. GRSA/AWR/e-file/2026/0164/264
Dt. 17/06/2026.

પ્રતિ,

૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષય: "શાળા પ્રવેશોત્સવ" મુલાકાત દરમિયાન બાળકોને માર્ગ સલામતી માર્ગદર્શન આપવા સારું

શ્રીમાન,

ઉપરોક્ત વિષય બાબત જયભારત સહ જણાવવાનું કે, વર્ષ ૨૦૦૨-૦૩માં તત્કાલીન માન.મુખ્યમંત્રી અને હાલના માન.વડાપ્રધાનશ્રીના કાર્યકાળ દરમિયાન "શાળા પ્રવેશોત્સવ" ની શરૂઆત થયેલ. જે અંતગર્ત શાળાઓમાં વિદ્યાર્થીઓની ૧૦૦% નોંધણી હાંસલ કરી શકાયેલ છે.

રાજ્ય સરકાર ચાલુ વર્ષમાં ૧,૬૨૭ સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક, ૫.૧૩૪ ગ્રાન્ટ ઇન એ એડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક અને ૩૧,૮૨૪ સરકારી પ્રાથમિક શાળાઓમાં તારીખ ૨૩ થી ૨૫ જૂન દરમિયાન રાજ્યભરમાં "શાળા પ્રવેશોત્સવ" યોજનાર છે. જેમાં રાજયના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ જોડાનાર છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી પાસે પ્રાપ્ય છેલ્લી આંકડાકીય વિગતો અનુસાર વર્ષ-૨૦૨૫માં ગુજરાતમાં ૧૬,૨૦૪ માર્ગ અકસ્માતોમાં ૮,૦૮૩ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે. જેમાં ૧૮ વર્ષ કરતાં નાની વયના ૪૩૯ સગીરના મૃત્યુ થયેલ છે. માર્ગ અકસ્માતો અને તેમાં થતી જાનહાનિ એ સહિયારી જવાબદારી છે. બાળકોને શાળા અભ્યાસ દરમિયાન ટ્રાફિક નિયમોની જાણકારી આપવામાં આવે તે જરૂરી છે.

"શાળા પ્રવેશોત્સવ" સમયે રાજયની પ્રાથમિક/માધ્યમિક શાળામાં પધારનાર રાજયના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિક લગત શિક્ષણ/માર્ગદર્શન આપવાથી તેની મોટી અસર થઈ શકે. જે સારું માર્ગ સલામતી સંકલ્પ પત્ર તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે.

ક-૩
પરિપત્ર કરવો
તમામ
શાળાઓને
જણાવવું.
18/6/26

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર..2547.
તારીખ..18/6/26
સહી..........
કચેરીની સહી ..................

ક્રમાંક. ક – ૩/પરચ/૨૦૨૬/6601
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા.18/ ૦૬ /૨૦૨૬

ર/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

Scanned with CamScanner

આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક/માધ્યમિક શાળામાં "શાળા પ્રવેશોત્સવ" સમયે માર્ગ સલામતી સંકલ્પ પત્રનું વાંચન કરવા તમામ પ્રાથમિક/માધ્યમિક શાળાઓને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

કમિશનર
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણ: માર્ગ સલામતી સંકલ્પ પત્ર

<u>નકલ જયભારત સહ રવાના:-</u>

૧. કમિશનરશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

૧. અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Scanned with CamScanner



# હું મારી સલામતી માટે સંકલ્પ કરું છું કે,



- હું હંમેશાં ટ્રાફિક નિયમોનું પાલન કરીશ.
- હું હંમેશાં ઝિબ્રા ક્રોસિંગ પરથી જ રસ્તો પાર કરીશ.
- બાઈક કે સ્કૂટર પર બેસીશ ત્યારે હેલ્મેટ જરૂરથી પહેરીશ.
- ડ્રાઈવિંગ લાઈસન્સ વગર ક્યારેય વાહન ચલાવીશ નહીં.
- રસ્તા પર ચાલતી વખતે ન તો મોબાઈલ વાપરીશ, ન હેડફોન લગાવીશ.
- હું સ્કૂલ બસમાં ચઢતી અને બસમાંથી ઉતરતી વખતે શાંતિ અને શિસ્તથી લાઈનમાં રહીશ, ધક્કામુક્કી નહીં કરું.
- હું રસ્તો ક્રોસ કરતા પહેલાં જમણી, ડાબી અને ફરી જમણી બાજુ જોઈને જ પસાર થઈશ.
- હું મારા મમ્મી-પપ્પાને પણ હેલ્મેટ અને સીટબેલ્ટ પહેરવા આગ્રહ કરીશ.



ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળ

પ્રત્યેક માર્ગ, સુરક્ષિત માર્ગ

**ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી**

GRSAofficial

Scanned with CamScanner

# રોડ ચિહ્નને સમજો સાચી રીતે...

## રસ્તા પર દેખાતા અલગ-અલગ આકારમાં રહેલ સંકેતોનું મહત્વ શું છે?




વર્તુળમાં દર્શાવેલ નિશાનીનું ફરજીયાતપણે પાલન કરવું નહીંતર દંડને પાત્ર થશો




ત્રિકોણમાં દર્શાવેલ હોય એ ચેતવણી દર્શાવે છે




ચોરસ-લંબચોરસમાં દર્શાવેલ સંકેત માહિતી દર્શક એટલે કે જનતાની જાણકારી માટે હોય છે

ગુજરાત માર્ગ સલામતી સતામંડળ
પ્રત્યેક માર્ગ, સુરક્ષિત માર્ગ

**ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી**

GRSAofficial

Scanned with CamScanner